## કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત યુવક મહોત્સવ

# સંગત-૨૦૧૯ : યુવાકૌશલનું યાદગાર પ્રમાણ










ગાંધીનગર, તા. ૨૦ ફેકલ્ટી ઑફ એજ્યુકેશન સેક્ટર-૨૩, ગાંધીનગરના યજમાનપદે કડી સર્વ વિશ્વવિદ્યાલયના આંતર કોલેજ યુવક મહોત્સવ 'સંગત - ૨૦૧૯'નો આરંભ આજે આનંદ-ઉલ્લાસ સાથે થયો હતો.

યુવક મહોત્સવ અંતર્ગતની એકાંકી, મહેંદી અને ક્વિઝ સ્પર્ધા તો બુધવારે જ સંપન્ન કરી દેવામાં આવી હતી. આજે યુવક મહોત્સવનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ અને વિવિધ સ્પર્ધાઓના બે દિવસીય કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો.

યુથ ફેસ્ટીવલની કલારેલીનો આરંભ સવારે ૭.૩૦ કલાકે એલ.ડી.આર.પી., સેક્ટર-૧૫, ગાંધીનગરથી કરવામાં આવ્યો હતો. કલાયાત્રામાં વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ હોર્ડીંગ્સ, બેનર્સ ઉપર સંદેશા સાથે ઉત્સાહજનક વાતાવરણમાં યુવા દિલો હિલોળે ચઢાવ્યાં હતાં.

યુવક મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારોહ શેઠશ્રી ખીમજી વિશ્રામ સંસ્કાર ભવનમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ.કનુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના પ્રમુખસ્થાને, ગુજરાતી ફિલ્મના યુવા અભિનેતા જય સોનીના મુખ્ય મહેમાનપદે તેમજ કડી સર્વવિશ્વ વિદ્યાલયના ડાયરેક્ટર ગાર્ગીબેન રાજપરાના અતિથિ વિશેષ પદે આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના આરંભે પ્રાર્થના પૂર્ણ થયા પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ૧૦૦ વર્ષ પુરાં થતા હોઈ ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ દીપ પ્રાગટ્ય દ્વારા ૧૦૦ના અંકની અનોખી રચના કરી હતી. યુથ ફેસ્ટિવલના આરંભે ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના ડીન પ્રો.વીણાબેન પટેલે સૌનું હૃદયોલ્લાસથી સ્વાગત કરીને પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ઉત્તમ પ્રણાલીઓની ઝાંખી કરાવી યુથફેસ્ટીવલ એ વિદ્યાર્થીઓ માટે અનેરો આનંદ છે તેમ જણાવ્યું હતું. વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં યુવાશક્તિની સમાજ-પરિવર્તન માટેની શક્તિઓ વિશે જણાવી અભ્યાસની સાથે થતી પ્રવત્તિઓમાં યુથ ફેસ્ટિવલ એ અગત્યની પ્રવૃત્તિ છે એમ કહ્યું હતું. સમારોહના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા ફિલ્મ કલાકાર જય સોનીએ યુવાનોને સંબોધન કરતાં પોતાની ઉજ્જવળ કારકિર્દી કેવી રીતે બનાવી તે જણાવી યુવાનોને પ્રેરણા પૂરી પાડી હતી. જયારે ડૉ.કનુભાઈ પટેલે સંબોધન કરતા જણાવ્યું હતુ કે કુશળ વ્યવહાર એ જીવનનો અરીસો છે. આ સમારોહમાં કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર. જે. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. યુથ ફેસ્ટિવલના પ્રથમ દિવસે ફોક ડાન્સ, સ્કીટ, ડિબેટ, પાદપૂર્તિ, કાવ્યપઠન, લાઈટ વોકલ, ગ્રુપ-સોન્ગ, રંગોળી, ક્લે મોડેલિંગ, કાર્ટુનિંગ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ કોલેજોના ૭૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. યુવક મહોત્સવના બીજા દિવસે શનિવારે લાઈટ વોકલ (ઈન્ડિયન), ગ્રુપ સોંગ (વેસ્ટર્ન), ક્લાસિકલ ડાન્સ (ઈન્ડિયન), ઈલોક્યુશન, ક્વિઝ, માઈમ, મિમિક્રી, કોલાજ અને પોસ્ટર મેકિંગની સ્પર્ધાઓ યોજાશે.













### એકાંકી નાટક

- બુધવારે યોજાયેલાં નાટકોએ યુવક મહોત્સવની શાનદાર છડી પોકારી હતી. વિષયોનાં વૈવિધ્યોએ દર્શકોનાં દિલ જીતી લીધાં હતાં. જેમણે આ સ્પર્ધા નિહાળી એમણે કંઈક માણ્યું અને જેમણે આ સ્પર્ધા ન નિહાળી એમણે કંઈક ખોયું એવો અભિપ્રાય સ્પર્ધા જોનારા દર્શકોએ આપ્યો હતો. અલબત્ત, દર્શકોમાં મોટાભાગે સ્પર્ધક વિદ્યાર્થીઓ અને અધ્યાપકો જ હતા. અને સહુએ સઘળાં નાટકોને, અદાકારોને તાળીઓથી વધાવવામાં કમી નહોતી રાખી એ બાબત સૌથી વધુ સરાહનીય રહી. ૧૪ નાટકો આ સ્પર્ધામાં ભજવાયાં હતાં.
- નાટકોની ભજવણીમાં સઘળી કૉલેજીસ સ્વાભાવિક રીતે જ સમાન નહોતી રહી. કેટલાંક નાટકો પ્રૉફેશનલ નાટકોની જેમ ભજવાયાં હતાં તો કેટલાંક સાવ બાળનાટકોની જેમ. વિષયોના ભરપૂર વૈવિધ્યની માફક નાટકની ભજવણીમાં વૈવિધ્ય જોવા મળ્યું નહોતું. ગુજરાતી ઉપરાંત હિન્દી ભાષામાં પણ નાટકો પ્રસ્તુત થયાં હતાં.
- બળાત્કાર, અસમાનતા, પ્રેમ, સામાજિક સમસ્યા, વૈયક્તિક સમસ્યા જેવા વિષયોનો સમાવેશ નાટકોમાં વિદ્યાર્થીઓએ કર્યો હતો. ક્યાંક ખ્યાત લેખકોની કૃતિઓ પણ જોવા મળી હતી તો ક્યાંક વિદ્યાર્થીઓ જાતે જ નાટક તૈયાર કરીને આવ્યા હોય એવુંય જોવામાં આવ્યું હતું.
- નાટકોની સ્પર્ધામાં સ્ટેજ લાઈટે સ્પર્ધકો અને રસજ્ઞોને પરેશાન કર્યા હતા. એક નાટક શરૂ થયાની પાંચેક મિનીટમાં જ લાઈટ બંધ થઈ ગઈ હતી, જે કારણે નાટકમાં વિક્ષેપ પડ્યો હતો અને તેને ફરીથી પહેલેથી ભજવવાની જરૂર પડી હતી. તો એક નાટકમાં બે દૃશ્યોની ભજવણી બાકી હતી ને લાઈટ ગાયબ થઈ ગઈ હતી. અલબત્ત, આ નાટકના કલાકારોએ સ્હેજેય વિચલિત થયા વિના નાટક ચાલુ રાખ્યું હતું અને પૂર્ણ પણ કર્યું હતું, જે બાબતની નિર્ણાયકો, પ્રેક્ષકોએ સરાહના કરી હતી.

### સ્કીટ

- નાટકના લઘુપ્રકાર સ્કીટની સ્પર્ધા ૧૯ કૉલેજો વચ્ચે યોજાઈ હતી, જેમાં પણ વિષયોનું વૈવિધ્ય જોવા મળ્યું હતું.
- હંમેશની જેમ થોડાં નાટકો એબ્સર્ડ ફોર્મમાં જોવા મળ્યાં હતાં, મોટાભાગનાં પરંપરાગત સ્વરૂપમાં ભજવાયાં હતાં.
- સમગ્ર યુવક મહોત્સવની જેમ અહીં પણ સ્ત્રી સશક્તિકરણ વધુ જોવા મળ્યું હતું મતલબ કે સ્પર્ધકોમાં વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થિનીઓની સંખ્યા વધુ જોવા મળી હતી.
- હેલ્મેટ, મોબાઈલ એપ્લીકેશન, મોબાઈલનું વળગણ, સામાજિક દૂષણો, સૈનિક, માનવીનાં મનનાં દૂષણો, ગાડરિયો પ્રવાહ, સોશિયલ મીડિયા, શિક્ષણપ્રથામાં સમસ્યા જેવા વિષયો અહીં જોવા મળ્યા હતા.

### ટીવી સ્ટાર જય સોની સાથે મુલાકાત

- અત્યાર સુધીમાં મેં સંસ્કારી વ્યક્તિત્વના રોલ કર્યા છે. હવે આગળ કંઈક ડિફરન્ટ રોલ કરવા છે, ચેલેન્જિંગ રોલ કરવા છે. મુખ્ય ટાર્ગેટ ફિલ્મ છે, હિન્દી ફિલ્મોમાં કામ કરવાની ઈચ્છા છે.
- સારા મેસેજવાળી અને સમાજ ઉપયોગી ગુજરાતી ફિલ્મ મળે તો તે પણ કરવાની ઈચ્છા ખરી. ગુજરાતી હોવાના નાતે મનથી ગુજરાતી ફિલ્મો મને ગમે છે.
- 'પુરાના જાયેગા તો હી નયા આયેગા' એ નાતે સોશિયલ મીડિયાથી દૂર રહ્યો છું કે જેથી મારી જાતને નવેસરથી રજૂ કરી શકું. નવી ઈનિંગ... નવો જય...
- યુથ ફેસ્ટીવલમાં આવ્યો છું તો યુવાનોને મેસેજ છે કે પોતાની જાતને નેગેટીવિટીથી દૂર રાખો. લાઈફમાં બધી જ વસ્તુ શારી થાય તેવું નથી, ક્યારેય નિરાશ ના થવું જોઈએ. સૌથી મહત્ત્વની જિંદગી છે એ યાદ રાખવું જોઈએ.
- મા-બાપ સાથે દરેક વાત શેર કરવી જોઈએ.
- નવસારીનો હોવાના કારણે ભાષાની તકલીફ મને પડી છે. મારા માટે શુદ્ધ ગુજરાતી બોલવું કઠિન હતું અને હિન્દી પણ. અલબત્ત, મહેનત કરી અને ભાષા પર પકડ આવી ગઈ.

(જય સોની સાથે મુલાકાત કેએસવી પત્રકારત્વ વિભાગ દ્વારા)




















